# ‘આરઝૂ’ ના સેટ પર ડાયરેક્ટરના ખિસ્સા ખાલી થયા!






જો તમે વિન્ટેજ બોલિવૂડ અને બ્લેક-એન્ડ-વ્હાઈટ કે અર્લી કલર એરાની ફિલ્મોના ડાય-હાર્ડ ફેન છો, તો 1965માં આવેલી સુપરહિટ ‘આરઝૂ’ તમારા માટે એક પ્યોર વાઈબ છે. રાજેન્દ્ર કુમાર, બ્યુટી ક્વીન સાધના અને અલ્ટ્રા-સ્ટાઈલિશ ફિરોઝ ખાન સ્ટારર આ ફિલ્મે બોક્સ ઓફિસ પર તો ધમાકો કર્યો જ હતો, પણ બોસ, આ ફિલ્મના બિહાઈન્ડ-ધ-સીન્સ કિસ્સાઓ એટલા મજેદાર છે કે તમને કોઈ સ્ટેન્ડ-અપ કોમેડી કે સસ્પેન્સ થ્રિલર જેવી મજા આવશે. તો ચાલો, આજે આ કલ્ટ ક્લાસિકના કેટલાક ક્રેઝી અને અનફિલ્ટર્ડ કિસ્સાઓ પર એક નજર કરીએ.

રામાનંદ સાગરે ડિરેક્ટ કરેલી ‘આરઝૂ’ આમ જુઓ તો હોલિવૂડની સુપરહિટ ફિલ્મ An Affair to Remember પરથી ઈન્સ્પાયર્ડ હતી, પણ સૌથી ઈન્ટરેસ્ટિંગ ટ્વિસ્ટ એ હતો કે જ્યાં હોલિવૂડની સ્ટોરીનો એન્ડ થાય છે, ત્યાંથી તો ‘આરઝૂ’નો મેઈન પ્લોટ સ્ટાર્ટ થાય છે! રામાનંદ સાગરે આ સ્ટોરીમાં એવો જબરદસ્ત દેશી અને ઈમોશનલ તડકો માર્યો કે ફિલ્મ એકદમ ફ્રેશ અને ઈન્ટેન્સ લવસ્ટોરી બની ગઈ.

મુવિયાના

મેકર્સે ફિલ્મમાં સેકન્ડ લીડ તરીકે ધર્મેન્દ્રને સિલેક્ટ કર્યા એટલે રાજેન્દ્ર કુમારે ધર્મેન્દ્ર સાથે વાત કરી, પણ ધર્મેન્દ્રએ કહ્યું કે હવે હું ખાલી સોલો લીડ રોલ જ કરીશ, સેકન્ડ લીડનો જમાનો ગયો! પછી મનોજ કુમારને પણ એપ્રોચ કરાયો, પણ એમણે પણ સેમ રીઝન આપીને ના પાડી દીધી.

> **મેકર્સે ફિલ્મમાં સેકન્ડ લીડ તરીકે ધર્મેન્દ્રને સિલેક્ટ કર્યા એટલે રાજેન્દ્ર કુમારે ધર્મેન્દ્ર સાથે વાત કરી, પણ ધર્મેન્દ્રએ કહ્યુ કે હવે હું ખાલી સોલો લીડ રોલ જ કરીશ, સેકન્ડ લીડનો જમાનો ગયો!**

ફાઈનલી, રાજેન્દ્ર કુમારે એક ફિલ્મમાં ફિરોઝ ખાનનો સ્વૅગ જોયો અને તેને સાઈન કરી લીધો. રામાનંદ સાગરને ખબર પડી તો એમનું રિએક્શન કંઈક આવું હતું, યાર, મેં એનું કામ જોયું નથી અને એ તો બી-ગ્રેડ ફિલ્મોનો હીરો છે. આપણો મેળ નહિ પડે! પણ રાજેન્દ્ર કુમારે ગેરંટી લીધી અને જ્યારે ફિલ્મ રિલીઝ થઈ, ત્યારે ફિરોઝ ખાનનો ઑરા અને પર્સનાલિટી એવી છવાઈ ગઈ કે પબ્લિક કહેવા લાગી કે આ ભાઈ તો મેઈન હીરો રાજેન્દ્ર કુમાર પર પણ ભારી પડી ગયો!

તમને જાણીને નવાઈ લાગશે કે આ ફિલ્મ પાછળ રામાનંદ સાગરે પોતાની અગાઉની હિટ ફિલ્મો (‘ઘૂંઘટ’ અને ‘જિંદગી’)ની બધી જ કમાણી ઈન્વેસ્ટ કરી દીધી હતી. ખિસ્સા ખાલી થઈ ગયા એટલે ફાઈનલી એક સિનેમા માલિક પાસેથી ફંડિંગ લેવું પડ્યું. ઓન-સ્ક્રીન રોમાન્સને નેક્સ્ટ લેવલ પર લઈ જવા માટે સાગરે કશ્મીરના ડલ લેક કિનારે હજારો આર્ટિફિશિયલ લાલ ફૂલો મંગાવીને પાથરી દીધા હતા. વાઈબ સેટ કરવા માટે આ જુગાડ એકદમ માઈન્ડ-બ્લોઈંગ રહ્યો!



ફિલ્મના શૂટિંગનો સૌથી હિલેરિયસ (રમુજી) કિસ્સો ‘અજી હમસે બચકર કહાં જાઈયેગા’ સોંગના શૂટિંગ વખતે થયો. કશ્મીરના રોમેન્ટિક લોકેશન પર એક શિકારામાં રાજેન્દ્ર કુમાર અને સાધના રોમાન્સ શૂટ કરી રહ્યા હતા. કેમેરા યુનિટ બીજા શિકારામાં હતું અને સાધનાના પિતા પણ શૂટિંગ જોવા સાથે હતા. પોતાની સુંદર દીકરીને ઓન-સ્ક્રીન એક્ટિંગ કરતી જોવાના એક્સાઈટમેન્ટમાં તેઓ શિકારામાં એટલા બધા ઉછળકૂદ કરવા લાગ્યા કે બેલેન્સ ગયું અને ભાઈ સીધા કશ્મીરના બરફીલા પાણીમાં ‘છપાક’! શૂટિંગ અટકાવીને તેમને માંડ માંડ રેસ્ક્યુ કરવા પડ્યા.

સાઉથના ફિલ્મમેકર S.S. વાસન ‘આરઝૂ’ની તમિલ રીમેક બનાવવાના મૂડમાં હતા. રામાનંદ સાગરે રિસ્પેક્ટ ખાતર ફ્રીમાં ફિલ્મની પ્રિન્ટ મોકલાવી, પણ ફિલ્મ જોયા પછી વાસન સાહેબ એટલા ઈમોશનલ થઈ ગયા કે એમણે રડતાં-રડતાં ફોન કરીને કહ્યું, આ ફિલ્મ મારાથી નહીં બને! જે મેજિક તમે સ્ક્રીન પર ક્રિએટ કર્યો છે, તે સિનેમા માટે કોઈ પાગલ માણસ જ કરી શકે. હેટ્સ ઓફ!

ફિલ્મના ક્લાઈમેક્સમાં એક સીન છે જ્યાં રાજેન્દ્ર કુમાર અપંગ થઈ જાય છે. આ સીન માટે રામાનંદ સાગરને હેવી ઓરિજિનલ સ્નોફોલની જરૂર હતી. માટે આખી સ્ટારકાસ્ટને ‘રેડ એલર્ટ’ (સ્ટેન્ડબાય) પર રાખવામાં આવી હતી. જેવા ન્યૂઝ મળ્યા કે કુફરીમાં બરફ પડી રહ્યો છે, કે તરત જ બધા એક્ટર્સ બધું જ પડતું મૂકીને ત્યાં દોડી ગયા. સીન તો એકદમ કિલર શૂટ થઈ ગયો, પણ પછી એવું ડેન્જરસ તોફાન આવ્યું કે આખી ટીમ 4 દિવસ સુધી હોટલમાં જ પેક થઈ ગઈ! આ ફિલ્મને તાશકંદ ફિલ્મ ફેસ્ટિવલમાં ‘બેસ્ટ સ્ટોરી’નો એવોર્ડ મળ્યો. એટલું જ નહીં, રશિયામાં તો આ ફિલ્મ રશિયન લેંગ્વેજમાં ડબ થઈને 2500 પ્રિન્ટ્સ સાથે રિલીઝ થઈ હતી! એ જમાનામાં આ લેવલની ગ્લોબલ રીચ એટલે બહુ મોટી વાત કહેવાય. સંગીતની વાત કરીએ તો, ટાઈટલ કાર્ડ પર ભલે ‘શંકર-જયકિશન’નું નામ ફ્લેશ થતું હોય, પણ ફેક્ટ એ છે કે આ ફિલ્મના ઓલમોસ્ટ બધા જ સુપરહિટ ટ્રેક્સ માત્ર જયકિશને કમ્પોઝ કર્યા હતા. શંકરે ફિલ્મમાં ખાલી એક જ કવ્વાલી આપી હતી.

જો તમે હજુ સુધી આ વિન્ટેજ ક્લાસિક મિસ કરી છે, તો વીકેન્ડમાં ચોક્કસ બિંજ-વોચ કરજો. અને હા, શિકારા વાળો સીન આવે ત્યારે સાધનાના પપ્પાની પેલી ડૂબકીને યાદ કરીને થોડું હસી લેજો! ●

# અંબિકા’ કેવી રીતે બની ‘દુલારી’?



70-80ના દાયકાની ક્લાસિક બોલિવૂડ મૂવીઝ જોઈએ, ત્યારે સ્ક્રીન પર એક ચહેરો જોઈને તરત મનમાં થાય અરે! આ એક્ટરને તો ક્યાંક જોયા છે! ચહેરા પર સ્માઈલ, આંખોમાં મમતા અને પ્યોર દેશી વાઈબ્સ! આ ‘ઓરિજિનલ ગ્રેન્ડમા’ એટલે આપણાં દુલારી જી.

જેમણે ‘દિવાર’, ‘આરાધના’, ‘સીતા ઓર ગીતા’ અને ‘પડોસન’ જેવી આઈકોનિક ફિલ્મોમાં એવરગ્રીન રોલ કર્યા, એમની પોતાની રિયલ લાઈફ સ્ટોરી કોઈ ફિલ્મી ટ્વિસ્ટથી ઓછી નહોતી. તેમનો જન્મ 1928માં નાગપુરમાં ‘અંબિકા ગૌતમ’ તરીકે થયો હતો. ઘરમાં બધા તેમને ‘રાજ દુલારી’ કહેતા, પણ ફિલ્મોમાં એન્ટ્રી લેતા જ તેમણે શોર્ટ એન્ડ સ્વીટ ‘દુલારી’ નામ ફાઈનલ કર્યું.

લેજન્ડ

પિતા ગવર્નમેન્ટ જોબ છોડીને નાટક કંપનીમાં જોડાયા અને આખો પરિવાર મુંબઈ શિફ્ટ થઈ ગયો, પણ ઘરમાં આર્થિક તંગી એટલી હતી કે દુલારીએ નાની ઉંમરે જ પિતાને હેલ્પ કરવા ગુજરાતી નાટકો અને થિયેટરમાં કામ કરવાનું સ્ટાર્ટ કરી દીધું. 1941માં માત્ર 13 વર્ષની એજમાં ફિલ્મ ‘ઝૂલા’થી ડેબ્યૂ કર્યું.

1947ની હિટ ફિલ્મ ‘શહનાઈ’માં તેમણે એક મસ્ત રોલ કર્યો, ટ્વિસ્ટ એ હતો કે દુલારીને ડાન્સ કરવો એટલો અઘરો લાગ્યો કે એમણે ડાયરેક્ટ ડિસિઝન લઈ લીધું- આપણે હવે લાઈફમાં ક્યારેય ડાન્સરવાળા રોલ નથી કરવા!

એ જમાનામાં બ્રાહ્મણ સમાજમાં દહેજની માગ બહુ હતી અને તેમના પરિવાર પાસે એટલા પૈસા નહોતા. તેથી તેમણે સોસાયટીના માપદંડો તોડીને 1951માં સાઉન્ડ રેકોર્ડિસ્ટ જગન્નાથ જગતાપ સાથે લગ્ન કર્યા. લગ્ન પછી 10 વર્ષનો પર્સનલ બ્રેક લીધો અને 1961માં કમબેક કરીને સેકન્ડ ઈનિંગ સ્ટાર્ટ કરી.

> **દુલારીને ડાન્સ કરવો એટલો અઘરો લાગ્યો કે એમણે ડાયરેક્ટ ડિસિઝન લઈ લીધું– આપણે હવે લાઈફમાં ક્યારેય ડાન્સરવાળા રોલ નથી કરવા!**

65 વર્ષના લાંબા કરિયરમાં એમણે 171 હિન્દી, 35 ગુજરાતી અને કેટલીક મરાઠી-રાજસ્થાની ફિલ્મો કરી!

1989માં ‘સૂર્યા’ના સેટ પર બીમાર હોવા છતાં 200 જૂનિયર આર્ટિસ્ટ્સ સાથે રનિંગ સીન કરવાનો હતો. તેવો દોડતા દોડતા પડી ગયાં, પણ વિલન બનેલા એક્ટર સલીમ ઘૌસે તેમને કચડાતા બચાવી લીધા. આ રિયલ લાઈફ ડ્રામા પછી એમણે પેક-અપ કરી સન્યાસ લેવાનું જ મુનાસિબ માન્યું.


શહનાઈ (1947) ફિલ્મમાં તેમણે એક મહત્વનો રોલ કર્યો હતો, જે હિન્દી સિનેમાના પહેલા વેસ્ટર્ન સોંગ ‘આના મેરી જાન જાન રવિવાર કે રવિવાર...’ માટે જાણીતી છે.

આઈકોનિક ફિલ્મ ‘આરાધના’માં તેમણે એવરગ્રીન કેરેક્ટર રોલ કર્યો હતો. તો ફિલ્મ ‘દિવાર’ પણ તેમની યાદગાર એક્ટિંગ રહી.

હિન્દી અને ગુજરાતી સિનેમાના ગોલ્ડન એરામાં માતા, ભાભી કે દાદીના પાત્રમાં સ્નેહ અને સંઘર્ષની જીવંત છાપ છોડનારા દિગ્ગજ અભિનેત્રી એટલે દુલારી. અંતિમ દિવસોમાં અલ્ઝાઈમર હોવા છતાં અને વહીદા રહેમાન જેવા સપોર્ટીવ સ્ટાર્સની મદદથી તેમણે 2013માં 85 વર્ષની વયે દુનિયાને અલવિદા કહ્યું.

આજે ભલે દુલારીજી આપણી વચ્ચે નથી, પણ 80sની એવરગ્રીન ફિલ્મોમાં એમની પ્યોર મમતા અને કેરેક્ટર રોલ્સ હંમેશાં ઓરિજિનલ આઈકોન તરીકે યાદ રહેશે! દુલારી એ ઘણી ફિલ્મોમાં આદગાર રોલ કર્યા છે. માત્ર 13 વર્ષની ઉંમરે દુલારીએ ઝૂલા (1941) ફિલ્મથી પોતાનું ડેબ્યૂ કર્યું હતું. ●

# પગમાં ઈજા, પણ ડાન્સ ‘મુકાબલા’!: પ્રભુદેવા



મુકાબલા મુકાબલા સોંગ આજે પણ જો સંભળાય એટલે બસ, પ્રભુ દેવાના એ અતરંગી, રોબોટિક અને વીજળીની ઝડપે દોડતા સ્ટેપ્સ આંખ આગળ આવી જાય! 1994માં આવેલી ફિલ્મ ‘કાધલન’નું આ સોંગ એવું વાયરલ થયું હતું કે પ્રભુ દેવા રાતોરાત દેશના સિંગલ-હેન્ડેડ ‘ડાન્સિંગ સેન્સેશન’ બની ગયા, પણ શું તમને ખબર છે કે જે સોંગમાં ભાઈસાહેબ પગથી ગજબની આફત મચાવી રહ્યા હતા, એ જ ટાઈમે તેમના અસલી પગની હાલત કેવી ખરાબ હતી? કહાની સાંભળશો તો કહેશો–આ તો અસલી ‘મુકાબલા’ હતો ભાઈ!

કહાની એમ છે કે સોંગનું શૂટિંગ શરૂ થવાનું હતું, એના જ જસ્ટ પહેલાં એક ફાઈટ સીનમાં પ્રભુ દેવાના ડાબા પગનું લિગામેન્ટ ફાટી ગયું! ઈજા એવી ખતરનાક કે ડૉક્ટરે સીધો બેડ રેસ્ટ જ કહ્યો હોય, પણ સામે પાછું A.R. રહેમાનનું બીટ અને ‘મુકાબલા’ જેવું કિલર સોંગ હોય, તો પ્રભુ દેવા થોડા આરામ કરવા બેસે?

પછી જે થયું એ અલ્ટીમેટ લેવલનું ડેડિકેશન હતું! ભાઈએ ડાબા પગ પર જોરદાર ક્રેપ બેન્ડેજ લપેટ્યું અને સીધા કેમેરા સામે આવી ગયા. સૌથી ફની અને હાર્ડ-હિટિંગ વાત એ હતી કે ઈજાના કારણે બંને પગમાં અલગ-અલગ સાઈઝના શૂઝ પહેરવા પડ્યા હતા. એક બાજુ શરીરમાં દર્દનો પટારો અને બીજી બાજુ એવા હાર્ડ સ્ટેપ્સ કે જોઈને જ ચક્કર આવી જાય પણ પ્રભુ દેવાના ચહેરા પર સ્માઈલ એવી કે જાણે પપ્પુ પાસ હો ગયા હો!

શૂટિંગ વખતે એમનું આખું ફોકસ ફ્લૅશ અને ફ્લોર પર જ હતું. પ્રભુ દેવાએ પછીથી ખુલાસો કર્યો હતો કે નાચતી વખતે દુખાવો ભુલાઈ જતો, પણ જેવું શૂટિંગ પૂરું થઈને ઘરે પહોંચે, ત્યારે શરીર એક એક ઈંચની યાદ અપાવતું! એટલે સ્ક્રીન પર જે ડાન્સ આપણને એકદમ ઈઝી અને સ્મૂથ લાગતો હતો, એની પાછળ અસલી બ્લડ, સ્વેટ અને સ્ટ્રગલ છુપાયેલો હતો.

‘મુકાબલા’ ખાલી એક હિટ સોંગ નહોતું, એ પ્રભુ દેવા માટે એક બ્રાન્ડ બની ગયું. રહેમાનનું મ્યુઝિક અને પ્રભુ દેવાનો સ્વૅગ આ કોમ્બોએ 90ના દાયકાની આખી ડાન્સ ગેમ જ પલટી નાખી અને હા, જમાના બદલાયા પછી ‘સ્ટ્રીટ ડાન્સર 3D’માં આ જ સોંગને નવો ટચ આપીને પ્રભુ દેવાએ વરુણ અને શ્રદ્ધા સાથે પાછી એન્ટ્રી મારી! એટલે કે એક જ સોંગે બે અલગ-અલગ જનરેશનના ડાન્સર્સને ફ્લોર પર ભેગા કરી દીધા!

પરદે કે પીછે

> **‘સ્ટ્રીટ ડાન્સર 3D’માં આ જ સોંગને નવો ટચ આપીને પ્રભુ દેવાએ વરુણ અને શ્રદ્ધા સાથે પાછી એન્ટ્રી મારી!**

આગળ જઈને પ્રભુ દેવા ભલે સુપરહિટ એક્ટર અને ડિરેક્ટર બની ગયા, પણ ‘મુકાબલા’ની આ બિહાઈન્ડ-ધ-સીન સ્ટોરી ક્યારેય જૂની નહીં થાય. પેલી કહેવત છે ને જૂનુન હો તો એસા! દુનિયાએ પડદા પર એમનો ડાન્સ જોયો, પણ પડદા પાછળ પ્રભુ દેવા પોતાની ઈજા સાથે જ અસલી ‘મુકાબલા’ જીતી રહ્યા હતા. આને કહેવાય અસલી ડાન્સિંગ સ્વેગ! ●